અપીલ અરજી નં.૧૬૫/ ૦૮–૦૯ તા. ૧૬–૯–૦૮
અરજદારઃ શ્રી દિનેશભાઈ ગાંડાભાઈ અનાજવાલા
સામાવાળાઃ–(૧)મ્યુ. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ ગાંડાભાઈ અનાજવાલાની તા.૫–૮–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં સેક્રેટરની જગ્યા ઉપર શ્રી પ્રદિપસિંહ ઝાલાની ૧૯૮૫ ના વર્ષમાં નિમણુંક થયેલી આ નિમણુંક બાબતે શ્રી ઝાલાએ રજુ કરેલ અરજી પત્રક, સાથે બીડેલા પ્રમાણપત્રો,મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા આ જગ્યા માટે આવેલ અરજીઓની ચકાસણીનું પત્રક, ખડી સમિતિની પસંદગી/ઈન્ટરવ્યુ ની કાર્યવાહીની નોંધ તેમજ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ, નિમણુંક હુકમ,તેમજ હુકમ અન્વયે મહાનગરપાલિકામાં હાજર થતી વેરા હાજર રીપોર્ટ સાથે રજુ કરેલા તમામ કાગળોની નકલ તેમજ બાર એસોસીયેશનમાંથી આપેલ રાજીનામું મંજુર થયાની અને સનદ જમાં કરાવ્યાના પુરાવાની નકલ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૫/૨૦૦૮–૦૯

શ્રી દિનેશભાઈ ગાંડાભાઈ અનાજવાલાની તા.૫–૮–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં સેક્રેટરની જગ્યા ઉપર શ્રી પ્રદિપસિંહ ઝાલાની ૧૯૮૫ ના વર્ષમાં નિમણુંક થયેલી આ નિમણુંક બાબતે શ્રી ઝાલાએ રજુ કરેલ અરજી પત્રક, સાથે બીડેલા પ્રમાણપત્રો,મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા આ જગ્યા માટે આવેલ અરજીઓની ચકાસણીનું પત્રક, ખડી સમિતિની પસંદગી/ઈન્ટરવ્યુ ની કાર્યવાહીની નોંધ તેમજ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ, નિમણુંક હુકમ,તેમજ હુકમ અન્વયે મહાનગરપાલિકામાં હાજર થતી વેરા હાજર રીપોર્ટ સાથે રજુ કરેલા તમામ કાગળોની નકલ તેમજ બાર એસોસીયેશનમાંથી આપેલ રાજીનામું મંજુર થયાની અને સનદ જમાં કરાવ્યાના પુરાવાની નકલ અંગે માહિતી આપવા બાબતે માંગેલી માહિતી અધુરી અને અપુરતી હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૮તા.૨૦–૯–૦૮ થી મ્યુ. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમજ નં.આરટીઆઈ/૬૧૧ તા.૨૯–૯–૦૮ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૬૪૭ તા.૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. અરજદારે આરટીઆઈ ઈન્વર્ડ નં.૩૮૩૫ તા.૬–૧૦–૦૮ થી મ્યુ. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવેલ માહિતીની વિગતો પૂરી પાડેલ છે.

સદર બાબતે તા.૨૩–૧૦–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર હાજર રહી રજૂઆત કરેલ કે નહીં મળેલી માહિતી અરજી સાથે બીડેલા પ્રમાણપત્રો નિમણુકં હુકમ,હાજર રીપોર્ટ સાથેના તમામ કાગળોની નકલો મ્યુ. કમિશ્નર ધ્વારા આવેલ અરજી, ચકાસણી પત્ર, બાર એસોસીયેશન માં રાજીનામા મંજુર થયાની તથા સનદ જમા કરાવ્યાની પુરાવાની નકલની માંગણી કરેલ છે. જયારે આસી. મ્યુ. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી હાજર રહેલા અને અરજદારને માહિતીમાં સેક્રેટરી ઓફિસમાં રેકર્ડ ઉપલબ્ધ ખરી સમિતિ કાર્યવાહીની નોંધ તેમજ સામાન્ય સભાની નોંધની નકલો તા.૬–૯–૦૮ ના રોજ સુપ્રત કરેલ છે આ સિવાય અન્ય કોઈ માહિતી સેક્રેટરી ઓફિસમાં ઉપલબ્ધ થયેલ નથી. ડે.કમિશ્નર (૫અનેઈ) જાહેર માહિતી અધિકારી કે તેમના તરફથી કોઈ પ્રતિનિધિ હાજર રહેલ ન હતાં
.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૫–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મ્યુ.સેક્રેટરી તરફથી ખડી સમિતિના તા.૩–૯–૮૫,તા.૪–૯–૦૮૫ તથા તા.૧૧–૯–૮૫ નો અહેવાલ તથા તા.૨૫–૯–૮૫ ના રોજ મળેલ સામાન્ય સભાનો અહેવાલની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે ઉપરોકત જણાવ્યા અનુસારની નહી પૂરી પડાયેલી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યંથ મહેકમ) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**
(૧)મ્યુ. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી ........ જાણ તથા અમલ માટે.
(૨) ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે.(૩)શ્રી દિનેશભાઈ ગાંડાભાઈ અનાજવાલા,